*This Question Paper contains 12 Printed Pages.*

| |
|---|
| પ્રશ્નપત્રના સેટનો ક્રમાંક જે ઉમેદવારે **OMR sheet** માં ઘટ્ટ કરવાનો છે. Set No. of Question Paper which is to be darken in OMR sheet |
| 01 |

Sl. No. 156759

# N-01(G)

**(MARCH, 2013)**

## PART - A

***Time : 60 minutes]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :-**

(1) નીચે આપેલા **50** હેતુલક્ષી પ્રશ્નો આ ભાગમાં આપ્યા છે જો કે બધા જ ફરજિયાત છે.

(2) નીચે આપેલા પ્રશ્ન નંબર **1** થી **50** સુધી છે. દરેક પ્રશ્ન **1** ગુણનો છે.

(3) આપને અલગથી આપેલ **O.M.R.** પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) ○, (B) ○, (C) ○, (D) ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○ (વર્તુળ) ને પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

**1** થી **50** પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી સાચા વિકલ્પનો ક્રમ અક્ષર પર સીટમાં પેનથી ઘટ્ટ કરવું. (પ્રત્યેકનો **1** ગુણ)

**1.** નરસિંહ મહેતા કોને પૃથ્વી પર શ્રેષ્ઠ ગણે છે?
(A) ગોપીઓને (B) મંદિરને
(C) ભક્તિ પદારથને (D) યશોદાને

**2.** તમારા પાઠ્ય પુસ્તકમાં કવિ શામળની કઈ ત્રણ રચનાઓ મૂકી છે?
(A) ભજન, પદ અને દુહા (B) ચોપાઈ, મુક્તક અને હાઈકું
(C) છપ્પા, ચોપાઈ અને ઉખાણાં (D) કાફી, છપ્પા અને દુહા

**3.** 'ઝઘડો લોચન મનનો' કાવ્ય કઈ કૃતિમાંથી લેવામાં આવ્યું છે?
(A) મીરાનાં પદો (B) સોરઠી સંત વાણી
(C) દયારામ રસ સુધા (D) પૂર્વાલાપ

**4.** ગંગા સતીના મતે સાચા હરિજનનું પ્રમાણ કયું છે?
(A) સુખમાં છકી જાય છે. (B) મન ડગમગી જાય છે.
(C) વિપદ પડે તો પણ ચલિત થઈ જતો નથી. (D) અંતરમાં અભિમાન રાખે છે.

**5.** મૂરખને શેમાં ફરક જણાતો નથી?
(A) સત્ અને અસત્માં (B) સંસારી અને સંન્યાસીમાં
(C) મગ અને મરી તથા ગોળ અને ખાંડમાં (D) ઘઉં અને ચોખામાં

6. નાયિકાને કોની મૂર્તિ અનેરી લાગે છે?

(A) પરમાત્માની (B) દાદીમાંની

(C) પતિની (D) સસરાની

7. 'તીર્થોત્તમ' કાવ્યમાં માતાની આંખો કોના પર ઝૂકેલી હતી?

(A) આંગણામાં રમતાં બાળકો પર (B) શાક વેચતી બાઈ પર

(C) પોતાની નવજાત બાળકી પર (D) નવી ખરીદેલી સાડી પર

8. 'તપાસીએ' ગઝલના કવિ કેવા રથને તપાસવાનું કહે છે?

(A) રાજાના રથને

(B) સૂર્યના સાત અશ્વ થી જોડાયેલા રથને

(C) કૃષ્ણ વિનાના અર્જુનના ભડભડ બળતા રથને

(D) મંદિરના સોનારૂપાં જડિત રથને

9. કુંજલડીને શું વહાલું હોય છે?

(A) ઘરેણા (B) પ્રિયતમ

(C) મહેરામણ (D) ચોમાસું

10. 'ખૂંદી ખમે માતા પ્રથમી .......' દુહામાં વિવિધ દૃષ્ટાંતો દ્વારા શેનો મહિમાં કરવામાં આવ્યો છે?

(A) પરોપકારનો (B) સંપનો

(C) ભાવ સંવેદનાનો (D) સહનશીલતાનો

11. સહદેવને કયો અભિશાપ હતો?

(A) દ્યૂત હારવાનો (B) જ્ઞાનને છુપાવવાનો

(C) પૂછ્યા સિવાય કોઈને ન કહેવાનો (D) યુદ્ધમાં નહિ લડવાનો

**12.** યુધિષ્ઠિરે સહદેવને દ્યૂત આમંત્રણની જાણ કેમ ન કરી?

(A) તે નાનો હતો.
(B) તે અતિજ્ઞાની હતો.
(C) તે અતિ વ્યથિત હતો.
(D) તે દ્યુત રમવામાં પાવરધો હતો.

**13.** 'વાસુકિ' ઉપનામ કયા સર્જકનું છે?

(A) ગૌરીશંકર જોશી
(B) ઉમાશંકર જોશી
(C) સુરેશ જોશી
(D) શિવકુમાર જોશી

**14.** 'જૂનું પિયર ઘર' કાવ્યની નાયિકા તેની માતાને કયા શબ્દોથી નવાજે છે?

(A) પ્રેમાળ અને મીઠી
(B) હસમુખી અને ઓછા બોલી
(C) મીઠી અને સ્મિત મધુર
(D) ક્રોધી અને શંકાશીલ

**15.** કવિ અવકાશમાં પગલું માંડે છે તો તેમને નીચે શું દેખાય છે?

(A) ખીણ
(B) ખળખળ વહેતી નદી
(C) પનઘટ
(D) હરિવરનો હાથ

**16.** 'જક્ષણી' વાર્તાના લેખકે કયા ઉપનામથી ટૂંકી વાર્તા લખી છે?

(A) શેષ
(B) સ્વૈર વિહારી
(C) પુનર્વસુ
(D) દ્વિરેફ

**17.** 'શહાણું માણસ લાભત નાહીં', આ વાક્ય કોના વિશે સાચું પડ્યું?

(A) ચીમી
(B) આક્કાનાં આઈ
(C) આક્કાનાં મામી
(D) આક્કા

**18.** આંખ થી સાંભળનાર .....

(A) નયન તારા (B) ચક્ષુ શ્રવણ

(C) લોચન શ્રુતિ (D) ચક્ષુ: શ્રવા

**19.** કુંજલડી કાવ્યમાં નાયિકા તેના પ્રિયતમ પાસે નીચે પૈકીની કંઈ વસ્તુ મંગાવતી નથી?

(A) ચૂડલો (B) નથણી

(C) ઝરમર (D) કડલાં

**20.** પ્રભુદર્શનની ઝંખના દર્શાવીને બાલમુકુંદ દવેએ કોનો મહિમા ગાયો છે?

(A) તીર્થયાત્રાનો (B) પ્રભુનો

(C) માતૃવાત્સલ્યનો (D) ભક્તિનો

**21.** વૃક્ષોનો ઇન્કાર એ કોનો ઇન્કાર છે?

(A) જીવન ચેતનાનો (B) જંગલોનો

(C) લાકડાંનો (D) સર્જનહાર ઈશ્વરનો

**22.** પુરુરાજ જોશી કયા ઉપનામ થી ઓળખાય છે?

(A) સુન્દરમ્ (B) માય ડીયર જયુ

(C) દર્શક (D) સારસ્વત્

**23.** લેખક 'શૂલ પાણેશ્વર' ને કયા રાજ્યનું નાકું કહ્યું છે?

(A) મધ્યપ્રદેશનું (B) ગુજરાતનું

(C) મહારાષ્ટ્રનું (D) સૌરાષ્ટ્રનું

**24.** 'અહીં કાંઈ પૈસાના ઝાડ છે, તે તોડી આપું!' આ ઉક્તિ કોણ કોને કહે છે?

(A) ડોહા ગિલાને (B) સ્વામી મજૂરને

(C) મુંજ તૈલપને (D) પિતા પુત્ર મણિલાલને

**25.** કૃતિ અને સાહિત્યના પ્રકાર અંગે સાચા જોડકા શોધી કાઢો.

| **અ વિભાગ** | | **બ વિભાગ** | |
|---|---|---|---|
| *(a)* | અતિજ્ઞાન | *(i)* | ડાયરીના અંશો |
| *(b)* | તપાસીએ | *(ii)* | નિબંધ |
| *(c)* | આક્કા | *(iii)* | ગઝલ |
| *(d)* | પ્રકૃતિકી ભાષા સમજો | *(iv)* | ખંડકાવ્ય |

(A) *a - i, b - ii, c - iii, d - iv*

(B) *a - iv, b - iii, c - ii, d - i*

(C) *a - ii, b - iii, c - i, d - iv*

(D) *a - i, b - ii, c - iv, d - iii*

**26.** અબ્દુલ કલામના પૂર્વજને અંગ્રેજોએ શાનો ઈલકાબ આપ્યો હતો?

(A) સર (B) પરાક્રમી વીરચક્ર

(C) ભારત રત્ન (D) બહાદુર

**27.** દંડૌતી બાવા આવે ત્યારે લોકોની ભીડ લાગતી હતી, કારણ કે .....

(A) એ લોકોને ઉપદેશ આપતા હતા.

(B) એ ચમત્કાર કરતાં હતા.

(C) એ લોકોને અનાજ પાણી આપતા હતાં.

(D) એ દરેક રોગની દવા આપતાં હતાં.

**28.** 'સ્ત્રી પુરુષની દાસ' છે, એ મિથ્યા વાતનું ખંડન કોણે કર્યું છે?

(A) રામનારાયણ વિ. પાઠક (B) નર્મદ

(C) ચંદ્રકાન્ત બક્ષીએ (D) ઉમાશંકર જોષીએ

**29.** ચંપક વૃક્ષ બની ગયાની ઘટના વિશે દાદા શું માને છે?

(A) શરમ જનક (B) ભગવાનની લીલા

(C) જાદુનો ખેલ (D) આઘાત જનક

**30.** લેખકના મતે સંસ્કૃતિ હંમેશા કયાં પાંગરી છે?

(A) શહેરમાં (B) ગામડાંમાં

(C) પ્રકૃતિની ગોદમાં (D) ધરતીમાં

**31.** નીચેનામાંથી અનન્વય અલંકારનું ઉદાહરણ શોધીને લખો.

(A) સુણ ચક્ષુ! હું પાંગળું, તું મારું વાહન!

(B) મા તે મા

(C) સતી ખેદ હતી જોતી વદને વધતો જતો !

(D) વૃક્ષો ઋતુની રાહ જોતાં રહે છે.

**32.** છંદ ઓળખાવો – 'વાડ થઈને ચીભડાં ગળે, સોંઘી વસ્તુ કયાંથી મળે!'

(A) મંદાક્રાન્તા (B) દોહોરો

(C) ચોપાઈ (D) હરિગીત

**33.** કહેવતનો અર્થ : સંપ ત્યાં જંપ.

(A) સંપ રાખવાથી સુખ અને શાંતિ મળે છે.

(B) સંપ ને જંપની જરૂર પડતી નથી.

(C) કુસંપને સંપ સાથે લેવા દેવા નથી.

(D) સંપ અને કુસંપને બનતું નથી.

**34.** 'શંકા' શબ્દનો સાચો સમાન અર્થી શબ્દ લખો.

(A) આકાંક્ષા (B) સંદેહ

(C) વિચાર (D) કલ્પના

**35.** 'ધધૂડો' અર્થ સૂચવતો તળપદો શબ્દનું શિષ્ટરૂપ શોધો.

(A) ધોધ (B) પ્રવાહ

(C) ઝરણું (D) વહેણ

**36.** 'પરવારી જવું' રૂઢિપ્રયોગ કયો અર્થ સૂચવે છે?

(A) કામ પૂરું થતાં ફરવા જવું.

(B) કામમાંથી છુટકારો મેળવવો.

(C) બધાં કામ પૂરાં કરવાં.

(D) કામ પૂરું થતાં નવરા થવું.

**37.** 'એ રુદ્ર કુંડને પણ જોયો'. રેખાંકિત વિભક્તિ પ્રત્યય કઈ વિભક્તિ દર્શાવે છે?

(A) દ્વિતીયા (કર્મ)

(B) ચતુર્થી (સંપ્રદાન)

(C) તૃતીયા (કરણ)

(D) સપ્તમી (અધિકરણ)

**38.** 'દૂઝયા કરે છે કેટલાયે ઘા રહી રહી'. આ વાક્યમાં થી નિપાત શોધીને લખો.

(A) કેટલા

(B) યે

(C) દૂઝયા

(D) કરે છે.

**39.** લખવું-વાંચવું એ કંઈ કેળવણી નથી. રેખાંકિત કૃદંતનો પ્રકાર જણાવો.

(A) ભૂત કૃદંત

(B) વિધ્યર્થ કૃદંત

(C) વર્તમાન કૃદંત

(D) ભવિષ્ય કૃદંત

**40.** 'એવો એણે હુકમ કાઢયો' આ વાક્યનું પ્રેરકવાક્ય શોધીને લખો.

(A) એવો એણે હુકમ કાઢયો છે.

(B) એવો એનાથી હુકમ કઢાયો.

(C) એવો એ હુકમ કઢાવે છે.

(D) એવો એની પાસે હુકમ કઢાવ્યો.

**41.** ‘હું ભાતું કરતી હતી.’ આ વાક્યનું કર્મણિ વાક્ય બનાવો.

(A) મારી પાસે ભાતું કરાવતા હતાં.
(B) મારા થી ભાતું કરાતું હતું.
(C) હું ભાતું કરું છું.
(D) મારે ભાતું કરવાનું છે.

**42.** ‘ઈચ્છા પ્રમાણે ફળ આપતું વૃક્ષ’ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(A) અશ્વત્થામા
(B) કલ્પવૃક્ષ
(C) બોધિવૃક્ષ
(D) શીમળાનું વૃક્ષ

**43.** પૃથ્વી છંદનું ઉદાહરણ શોધીને લખો.

(A) કદી મારી પાસે વન વન તણાં હોત કુસુમો.
(B) ભમો ભરત ખંડમાં સકળ ભોમ ખૂંદી વળો.
(C) કાળી ધોળી રાતી ગાય, પીએ પાણી ચરવા જાય.
(D) તું જ પાંખ ચળકે પર્ણનાં ઝુંડો મહાં ચક્રો રચી.

**44.** નીચે આપેલા સમાસ અને તેના પ્રકારમાંથી કયો ખોટો છે?

(A) મહાસિદ્ધિ - કર્મધારય
(B) જકાતનાકું - મધ્યમપદલોપી
(C) સોનામહોર - દ્વન્દ્વ
(D) ગૌરવપ્રદ - ઉપપદ

**45.** વાક્યમાં કયું વિભક્તિ પદ ક્રિયાના કરનારને સૂચવે છે?

(A) કર્મ
(B) કર્તા
(C) અધિકરણ
(D) કરણ

**46.** હરિગીત છંદની માત્રાઓ કેટલી હોય છે?

(A) 28
(B) 32
(C) 24
(D) 15

● નીચે આપેલ કાવ્યાંશ વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.

આ ગુજરાતને જન્મ મળ્યો છે;
ગોદ ન એની ભૂલું !
આ ગુજરતાને મરમ મળ્યો છે;
ભારત ગગને ઝૂ લું.
આ ગુજરાતે
અલખ નિરંજન ગિરનારે મેં સૂંઘ્યો
દિલાવરીનો છોડ.

**47.** ‘જ્ઞાન મળ્યુ છે’ એમ કહેવા કવિએ કયો શબ્દ વાપર્યો છે?

(A) ધરમ મળ્યો (B) જનમ મળ્યો

(C) મરમ મળ્યો (D) ગિરનાર મળ્યો

**48.** ગુજરાતના લોકોના કયા સદ્‌ગુણને કવિ બિરદાવે છે?

(A) ગંભીરતા (B) સાહસિકતા

(C) પ્રમાણિકતા (D) ઉદારતા

● નીચે આપેલ ગદ્યાંશ વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ દર્શાવો.

નારી ઈશ્વરની દેન છે, અને ઈશ્વરની દીકરી છે. ભગવાન પછી આપણે નારીના જ ઋણી છીએ. જિંદગી આપવા બદલ અને પછી જીવવા લાયક બનાવવા બદલ. તે માતાની જેમ આપણું રક્ષણ કરે છે તથા મિત્ર અને ગુરુની જેમ આપણને શુભ કાર્યો કરવા માટે પ્રેરણા આપે છે, નારીનાં ત્યાગ અને બલિદાન ભારતીય સંસ્કૃતિની મૂડી છે; પરંતુ ઈશ્વરની પ્રવૃત્તિ અને ઈશ્વર દ્વારા કોઈપણ નારી સાથે કરવામાં આવેલી ક્રૂર મજાક હોય છે.

**49.** નારી આપણને શેની પ્રેરણા આપે છે?

(A) શુભ કાર્યો કરવાની (B) ભણવાની

(C) ક્રૂર મજાક કરવાની (D) ખોટું બોલવાની

**50.** ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય મૂડી કઈ છે?

(A) સુખ સમૃદ્ધિ (B) પ્રાચીન મંદિરો

(C) નારીનાં ત્યાગ અને બલિદાન (D) નારીનું શોષણ

# N-01(G)

**(MARCH, 2013)**

---

**PART - B**

***Time : 2 Hours]*** ***[Maximum Marks : 50***

**સૂચનાઓ :-**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ **ચાર** વિભાગ છે. અને કુલ **13** પ્રશ્નો છે.

(2) **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે. અને વિકલ્પો આંતરિક છે.

(3) જમણી બાજુનાં અંક પ્રશ્નનાં ગુણ દર્શાવે છે.

(4) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુદ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે.

---

**વિભાગ - A (SECTION - A)**

● નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. **4**

**1.** 'છકડો' વાર્તાનો અંત તમારા શબ્દોમાં લખો.

**અથવા**

**1.** સ્ત્રી કેળવણી થી સમાજને કયા લાભ થઈ શકે?

● નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. **4**

**2.** પાનખર ઋતુમાં મહુડાના વૃક્ષો કેવા લાગે છે?

**3.** વાર્તાનાયકે વીશીના મહારાજને જક્ષણી વિશે શું જણાવ્યું?

**અથવા**

**3.** લખવા-વાંચવા વિશે નર્મદના વિચારો જણાવો.

● નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો. **3**

**4.** ઉખાણામાં કવિ શામળે કાગળની શી ખાસિયતો દર્શાવી છે?

**અથવા**

**4.** 'મન નો ડગે' કાવ્યને આધારે સાચા હરિજનનાં લક્ષણો વર્ણવો.

● નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો. **4**

**5.** સહદેવને કઈ વાતનું દુઃખ હતું? શા માટે તે પોતાને કૃતઘ્ની માને છે?

6. લોચન અને મનના ઝઘડાનો અંત કેવી રીતે આવે છે?

**અથવા**

6. કવિ 'ઊંઘતા' કોને કહે છે? ઊંઘતાની શી સ્થિતિ છે?

## વિભાગ - B (SECTION - B)

● નીચે આપેલો ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં $(\frac{1}{3})$ સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો. 5

7. મોંઘવારી વધતી જાય છે તેમ તેમ નીતિ, પ્રામાણિકતા, સાદાઈ, નિષ્ઠા વગેરે જીવનનાં મૂલ્યો ઘસાતાં જાય છે. ગૃહસ્થાશ્રમી માણસ કોઈ પણ રીતે બે છેડા ભેગા કરવામાં ફાવતો નથી. રાજકારણીઓ, અમલદારો, વેપારીઓ અને ઉદ્યોગપતિઓને એ તાગડધિન્ના કરતો જુએ છે અને તેના વિવેકની સરવાણી સુકાઈ જાય છે. તે ભ્રષ્ટાચારી બનવા લલચાય છે. ઋષિમુનિઓના સાદા અને પવિત્ર જીવનની વાતોમાં એને રસ નથી. બુદ્ધ, મહાવીર અને ગાંધીજીના ઉચ્ચ આદર્શોમાં એને હવે શ્રદ્ધા નથી. સમાજનો દરેક વર્ગ આજે ગમે તે પ્રકારે પૈસા કમાવા માટે સંકોચ અનુભવતો નથી. સાદું જીવન અને ઉન્નત વિચારની આજે હાંસી ઉડાવાય છે. શિક્ષણમાં મૂલ્યના પાઠ ઉમેરવાની વાતો ચાલે છે; પરંતુ માત્ર પોપટિયા પાઠ ભણાવવાથી કશું વળવાનું નથી. અધમણ વાત કરતાં અધોળ આચરણની વધુ અસર પડે છે અને એવું આચરણ જીવનના કોઈ સારે આપણા દેશમાં દેખાતું નથી. સ્વરાજના છ દાયકાના ગાળામાં સામાન્ય જનની હાલતમાં કશો નોંધ પાત્ર સુધારો થયો નથી.

● નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો. 5

8. સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ;<br>ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.

**અથવા**

8. ''દીપકના બે દીકરા, કાજળ ને અજવાશ,<br>એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ.''

## વિભાગ - C (SECTION - C)

9. તમારી શાળા તરફ થી હોંશિયાર વિદ્યાર્થીને સ્કૉલરશિપ અપાય છે. તે મેળવવા માટે તમે તમારી શાળાના આચાર્યને સંબોધી અરજી લખો. 5

10. તમારી શાળામાં યોજાયેલ ખેલકૂદ મહાકુંભ રમતોત્સવ પર આશરે એક સો (100) શબ્દોમાં અહેવાલ તૈયાર કરો. 5

## વિભાગ - D (SECTION - D)

**11.** નીચેનો ગદ્ય પરિચ્છેદ ભાષા શુદ્ધિની દષ્ટિએ સુધારીને ફરીથી લખો. **3**

(અનુગ, નામયોગી, જોડણી, અનુસ્વાર અને વિરામ ચિહ્નો સુધારવા.)

જગતમા પત્ની વિનાની વિધૂરની સ્થિતિ બહું વિચિત્ર છે. એટલી બધી વિચિત્ર કે તેને ખાતર શબ્દ પણ જડતો નથી. સ્ત્રી પરણી ન હોય તો કુમારિકા, ધણી જીવતો હોય તો સૌભાગ્યવતી, ધણી પ્રવાસે ગયો હોત તો પ્રોષિત ભર્તૃકા, મરી ગયો હોય તો વિધવા.

**12.** કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો. **4**

શૂલ પાણિ ઈશ્વર (સંધિ જોડો.) મંદિરના પૂજારી ત્રિવેદીજી મૂળે મધ્યપ્રદેશના છે. ગાડરવારા દૂર (વિરુદ્ધાર્થી શબ્દ મૂકો.) એક ગામના ઘરમાં હિન્દી બોલે છે, ગામ લોકો જોડે- ગુજરાતી. એમના દીકરા કયારે હિન્દી બોલે છે, ક્યારેક ગુજરાતી બોલે છે. (સંયોજક મૂકી વાકય બનાવો.) અને એમનાય બાળકો તો ગુજરાતી જ બોલે છે. બે ત્રણ પેઢી પછી એમનું કુટુંબ પૂરેપૂ રું ગુજરાતી ભાષા બોલતું (શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.) થઈ જશે.

● નીચેના વિષયો પૈકી **ગમે તે એક** વિષય પર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. **8**

**13.** *(i)* **મોંઘવારીનું વિષચક્ર**

મુદ્દાઓ (1) પ્રસ્તાવના.
(2) મોંઘવારી વધવાના કારણો.
(3) મોંઘવારીની ભયાનક અસર.
(4) મોંઘવારીના વિષચક્ર થી અર્થતંત્રને બચાવવાના ઉપાયો.
(5) ઉપસંહાર.

*(ii)* **પ્રવાસનું જીવન ઘડતરમાં સ્થાન**

મુદ્દાઓ (1) પ્રસ્તાવના.
(2) પ્રવાસના વિવિધ ફાયદા.
(3) પ્રત્યક્ષ જ્ઞાન, સૌંદર્ય દષ્ટિનો વિકાસ.
(4) સામૂહિક જીવનનો અનુભવ.
(5) સાહસિક વૃત્તિનો વિકાસ.
(6) ઉપસંહાર.

---